રાજ્યના શિક્ષકોની વર્ષો જૂની માંગણીઓ સરકારે સ્વીકારી

શિક્ષકોની બદલીને લઈએ મોટી જાહેરાત : જિલ્લા ફેર અરસપરસ બદલીમાં સંબંધિત શિક્ષકોના વતન હોવા જરૂરી હતા તે જોગવાઇ દૂર કરવામાં આવી

ગાંધીનગર, તા.૩

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિશા-નિર્દેશાનુસાર બે લાખથી વધુ શિક્ષક પરિવારને સ્પર્શતા નિર્ણયો લેવાયા છે. શિક્ષણ મંત્રીએ જણાવ્યુ કે, દશ વર્ષ પહેલા પ્રાથમિક શિક્ષકોની બદલીઓ સંદર્ભે નિયમો ઘડાયા હતા. આ નિયમોમાં બદલાવ માટે પ્રાથમિક શિક્ષણના સંઘો દ્વારા રજુઆતો થઈ હતી એ સંદર્ભે રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે સંપૂર્ણ સંવેદના સાથે નિયમોમાં મહત્વના ફેરફાર કરવા દિશા-નિર્દેશો આપ્યા છે.

અત્યાર સુધી જે તે જિલ્લામાં ખાલી જગ્યાના ૪૦ટકા શિક્ષકોને જિલ્લા ફેરબદલીનો લાભ અપાતો હતો જે હવે ૧૦૦ ટકા જગ્યા પર જિલ્લા ફેરબદલીનો લાભ આપવામાં આવશે. જિલ્લા ફેર અરસપરસ અને જિલ્લા આંતરિક અરસપરસ બદલીમાં સંબંધિત શિક્ષકોના વતન હોવા જરૂરી હતા તે જોગવાઈ દૂર કરવામાં આવી.૧૦ વર્ષ એક જ જગ્યાએ નોકરી કરવાની શરતે જે શિક્ષકોને નિમણૂંક આપવામાં આવી છે તેવા શિક્ષકો પાંચ વર્ષ પછી પણ બદલી માટે અરજી કરી શકશે. જે સરકારી કર્મચારીઓ રાજ્યના એક જિલ્લામાંથી બીજા જિલ્લામાં બદલીપાત્ર છે તેવા કર્મચારીઓના પતિ કે પત્ની જો સરકારી શાળામાં પ્રાથમિક શિક્ષક કે મુખ્ય શિક્ષક હોય તો તેઓને પ્રતિનિયુક્તિથી મૂકી શકાશે. પતિ/પત્નીના કિસ્સાનો લાભ હવેથી અનુદાનિત સંસ્થાઓ, ગુજરાત સરકારના જાહેર સાહસો, કેન્દ્ર અને રાજ્ય સરકારની સરકારી કંપનીઓના કિસ્સામાં પણ મળવાપાત્ર થશે. બદલીઓના કિસ્સામાં ફરિયાદ નિવારણ માટે ફરિયાદ નિવારણ સમિતિની રચના કરાઈ.

રાજ્યના શિક્ષણ મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું છે કે, વિદ્યાર્થીઓના શિક્ષણનું હિત, શિક્ષકોનું હિત તથા વહીવટીતંત્રનું હિત જળવાય એ માટે રાજ્યના વિધાસહાયક, પ્રાથમિક શિક્ષકો અને મુખ્યશિક્ષકોની બદલીઓના નિયમો સંદર્ભે રાજ્ય સરકારે મહત્વના નિર્ણયો કર્યા છે જેનો અંદાજે બે લાખથી વધુ શિક્ષકોને લાભ થશે.

વિદ્યાસહાયક, પ્રાથમિક શિક્ષક અને મુખ્ય શિક્ષકની બદલીના નિયમોમાં કરેલા ઐતિહાસિક સુધારાની વિસ્તૃત વિગતો આપતા જણાવ્યું હતું કે, અત્યાર સુધી જે શિક્ષકોની બદલી થઇ ગઈ છે પરંતુ ૧૦ ટકા કરતાં વધુ મહેકમ ખાલી પડતું હોવાના કારણે છૂટા થઇ શક્યાં નથી તેવા બદલી પામેલા તમામ શિક્ષકોને ખાસ કિસ્સા તરીકે છૂટા કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. જે શાળામાં બદલીવાળા શિક્ષકોને છૂટા કરવાના કારણે શૂન્ય શિક્ષકવાળી શાળા થતી હોય ત્યાં છેલ્લે છૂટા થવા પાત્ર શિક્ષકને નવા શિક્ષક આવે ત્યારે જ છૂટા થવાનું રહેશે. છેલ્લા ત્રણ વર્ષમાં બદલી થયેલી હોય અને છૂટા ન કરાયા હોય તેવા તમામ શિક્ષકોને પણ આ નિર્ણય લાગુ પડશે. મંત્રીએ ઉમેર્યું કે, પ્રાથમિક શિક્ષકોની બદલીના નિયમો તા.૨૩/૦૫/૨૦૧૨ના ઠરાવથી નિયત થયા હતા. માન્ય શિક્ષક સંગઠનો તેમજ શિક્ષકોનું હિત ધ્યાને લઈ રાજ્ય સરકાર દ્વારા નવા નિયમો તૈયાર કરવામાં આવ્યા છે. જે અંતર્ગત અત્યાર સુધી જે તે જિલ્લામાં ખાલી જગ્યાના ૪૦ ટકા શિક્ષકોને જિલ્લા ફેરબદલીનો લાભ આપવામાં આવતો હતો તેના બદલે નવા નિયમો મુજબ જે તે જિલ્લામાં ખાલી ૧૦૦ટકા જગ્યા પર જિલ્લા ફેરબદલીનો લાભ આપવામાં આવશે. જિલ્લા ફેર અરસપરસ અને જિલ્લા આંતરિક અરસપરસ બદલીમાં સંબંધિત શિક્ષકોના વતન હોવા જરૂરી હતા તે જોગવાઈ દૂર કરવામાં આવેલ છે એટલે કે 'વતન' શબ્દ દૂર કરવામાં આવ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

સચિવાલય ખાતે ઝેરી દવા ગટગટાવી આપઘાતનો પ્રયાસ કરનાર સંજય ઠક્કરનું મૃત્યુ

ગાંધીનગર,તા.૩

ગાંધીનગર સચિવાલય ખાતે ગત તા.૨૫ માર્ચના રોજ વ્યાજખોરોના ત્રાસથી ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કરનાર સંજય ઠક્કરનું સારવાર દરમિયાન ગાંધીનગર સિવિલ ખાતે મૃત્યું થયું છે. બનાવ અંગે સેકટર-૭ પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના સેકટર-૭ ડી પ્લોટ નં.૧૨૫૧-૧ ખાતે રહેતા સંજય ઠક્કરે પોલીસ કંટ્રોલ પોઈન્ટ પાસે ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કરતા તેમને તાત્કાલીક સારવાર માટે ગાંધીનગર સિવિલ લઈ જવાયા હતા. જયાં ફરજ પરના તબિબે સંજયભાઈની સારવાર કરીને વધુ સારવાર માટે એડમીટ કરવામાં આવ્યા હતા.બનાવની જાણ થતા પોલીસ પણ સિવિલ ખાતે દોડી આવી હતી.

પોલીસની પ્રાથમિક તપાસમાં એવી વિગતો બહાર આવી હતી કે દેવુ થઈ જવાને પગલે તેઓ છેલ્લા ઘણા સમયથી માનસિક તાણમાં રહેતા હતા. સિવિલના આઈસીયુ વોર્ડમાં તેઓની સઘન સારવાર ચાલી રહી હતી. ત્યારે આજે સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન સંજય ઠક્કરનું મૃત્યુ નિપજયું હતું. આ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

૬ઠ્ઠી એપ્રિલથી કોંગ્રેસની આઝાદી ગૌરવ પદયાત્રા જિલ્લાની ત્રણ બેઠકોમાંથી પસાર થશે

ગાંધીનગર, તા. ૩

આગામી ૬, ૭, ૮, ૯ એપ્રિલના રોજ પ્રદેશ કોંગ્રેસ આયોજીત આઝાદી ગૌરવ પદયાત્રા ગાંધીનગર જિલ્લામાંથી પસાર થશે.

ગાંધીનગર જિલ્લા અને શહેર સંગઠ્ઠનની સંયુક્ત બેઠકમાં આ કાર્યક્રમને આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે. આ માટે કાર્યકરોને આજથી જ કામે લાગી જવા પણ જણાવવામાં આવ્યુ છે.

ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડા, પ્રદેશ અગ્રણીઓ દિપકભાઈ બાબરિયા, ડૉ. ચંદ્રિકાબેન ચુડાસમા, નીશીત વ્યાસ, જીતુ રાયકા, નૈમીષ શાહ, ડૉ. હિંમાશુ પટેલ, નવા વરાયેલા જિલ્લા પ્રમુખ અરવિંદસિંહ સોલંકી, શહેર પ્રમુખ પ્રદીપસિંહ વાઘેલા, બેચરજી ઠાકોર સહિતના આગેવાનોની ઉપસ્થિતિમાં મળેલ બેઠકમાં સભ્ય નોંધણી ઝુંબેશ તેમજ આઝાદી ગૌરવયાત્રાને લઈ ચર્ચાઓ કરી કાર્યકરોને ખભેખભા મિલાવી આગળ વધવા જણાવાયુ છે. આઝાદી ગૌરવયાત્રા ગાંધી આશ્રમથી ૬ઠ્ઠીએ સવારે શરૂ થશે. સાંજે ઝુંડાલ ખાતે આ પદયાત્રા આવી પહોંચશે જ્યાં તેનું સ્વાગત કરવામાં આવશે. રાત્રિ રોકાણ ઝુંડાલ કરશે. આ પછી સાતમી સવારે આ યાત્રા અડાલજ-તારાપુર થઈ ગાંધીનગર શહેરમાં પ્રવેશ કરશે અને પથિકાશ્રમ ચાર રસ્તા પહોંચશે. ૮મીએ યાત્રા પેથાપુર થઈ બાલવા ચોકડી થઈ માણસા શહેરમાં થઈ આનંદપુરા(વેડા) થઈ આગળ જશે.

જિલ્લાના ૫૦ કિ.મી. થી વધુ વિસ્તારમાં આ પદયાત્રા પસાર થશે. ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડા, નિશીત વ્યાસ, ડૉ. હિમાંશુ પટેલ અને અરવિંદસિંહ સોલંકી તેમજ પ્રદિપસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે જિલ્લાની ત્રણ વિધાનસભા બેઠકો આ પદયાત્રા દ્વારા આવરી લેવામાં આવશે. આ પદયાત્રા દરમ્યાન ઝુંડાલ, માણસા તેમજ ગાંધીનગર ખાતે રાત્રી રોકાણ દરમ્યાન સાંસ્કૃતિક કાર્યક્રમ ડાયરાનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

ઉનાળાની ગરમીમાં ઠંડક આપતા ફળોની માંગ વધી રહી છે. ઉનાળુ ફળ ગણાતા શક્કરટેટીનું આગમન શહેરમાં થઈ ચૂક્યુ છે. વિવિધ પ્રકારની શક્કરટેટી હાલમાં બજારોમાં ખુબ વેચાઈ રહી છે.

વહેલી ચૂંટણીનો વધુ એક સંકેત

એપ્રિલમાં મુદતો પૂર્ણ થતી હોય તેવી પંચાયતોની ચૂંટણી મુલ્તવી રાખી વહીવટદાર નિમાશે

ગાંધીનગર, તા. ૩

રાજ્યમાં આગામી એપ્રિલની ૧૫મીએ જે ગ્રામ પંચાયતોની મુદત પૂર્ણ થઈ રહી છે તે ગામોમાં ચૂંટણી નહિ યોજી અને વહીવટદારોની નિમણુંક કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

રાજ્યમાં વહેલી વિધાનસભાની ચૂંટણીઓ યોજવા અંગેની વાતોને સરકારના આ નિર્ણયથી વધુ વેગ મળ્યો છે. રાજ્યમાં ૩ હજારથી વધુ પંચાયતોની મુદત પૂર્ણ થઈ રહી છે.

ચૂંટણીઓ હાલ મુલ્તવી રાખવા માટેની તૈયારીઓ પૂરી કરી અને વહીવટદારોની નિયુક્તી કરવાના સ્પષ્ટ સંકેત જે તે જિલ્લાના સક્ષમ અધિકારીઓને આપી દેવામાં આવ્યા છે.

એપ્રિલના છેલ્લા સપ્તાહમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ ગુજરાત આવી રહ્યા છે.

સચિવાલયના અત્યંત વિશ્વસનીય સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે વિધાનસભાની પેટા ચૂંટણીઓ નહિ યોજવાનો અભિગમ, પંચાયતોની ચૂંટણીઓ મુલ્તવી રાખવાનો અભિગમ, સરકારના ઉચ્ચ અધિકારીઓની બદલી તેમજ અન્ય કેટલાક વહીવટીય નિર્ણયો એ વાતનો સ્પષ્ટ સંકેત આપે છે કે રાજ્યમાં ચૂંટણીઓ વિધાનસભાની વહેલી યોજવામાં આવશે.

આ સૂત્રોએ જણાવ્યુ છે કે રાજ્યના સ્થાપના દિવસની ઉજવણી બાદ રાજ્યમાં રાજકીય ગતિવિધિઓ વેગીલી બનશે. હાલ આ માટેની તૈયારીઓ રાજકીય વર્તુળોમાં ચર્ચાનો વિષય છે.

રાજકીય વર્તુળોમાંથી મળતી વિગતો પ્રમાણે ભાજપમાં જોડવાની રાજનીતિ, વોલ પેઈન્ટીંગ, ટિફિન બેઠકો અને હવે પછી પ્રદેશ પ્રમુખનો વન ડે વન ડીસ્ટ્રીક્ટનો પ્રોજેક્ટ આગળ વધશે. આ પછી રાજકીય સ્થિતિની સમીક્ષા પણ સતત કરવામાં આવી રહી છે. ધારાસભ્યો સાથે પ્રદેશ પ્રમુખની ડિનર ડિપ્લોમસી સહિતની ઘણી બધી વાતો ઘણા બધા સંકેત આપી રહી હોવાની વાતો પણ રાજકીય વર્તુળોમાં ચર્ચાનો વિષય છે.

રાજ્યમાં કોરોનાના નવા ૧૦ કેસ

ગાંધીનગર, તા.૩

રાજ્યમાં આજે કોરોનાના નવા ૧૦ કેસ આવ્યા હતા. તો બીજી તરફ ૧૦ દર્દીઓ સાજા પણ થયા હતા. અત્યાર સુધીમાં ૧૨,૧૨,૯૨૬ નાગરિકો કોરોનાને મ્હાત આપી ચુક્યા છે. જેના પગલે રાજ્યનો રિકવરી રેટ પણ સુધરીને ૯૯.૧૦ ટકાએ પહોંચી ચુક્યો છે. તો બીજી તરફ સરકાર રસીકરણના મોરચે પણ મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં આજે રસીના કુલ ૪૭૭૬ ડોઝ આપવામાં આવ્યા હતા.

રાજ્યમાં એક્ટિવ કેસની વાત કરીએ તો હાલ કુલ ૬૪ કેસ એક્ટિવ છે. જે પૈકી ૧ નાગરિકો વેન્ટીલેટર પર છે.

શહેરમાં સિઝનની રેકર્ડ બ્રેક ગરમી

મહત્તમ તાપમાન ૪૨ ડીગ્રીએ પહોંચી ગયુ : દિવસ દરમિયાન હીટવેવથી બચવા માટે શહેરીજનો ઘરમાં પુરાયેલા રહ્યા : રજાના દિવસે ગરમીનો મિજાજ ઉગ્ર બનતા જનજીવનમાં સન્નાટો પ્રવર્તયો : અમદાવાદ બાદ રાજ્યમાં બીજા ક્રમે ગાંધીનગર સૌથી વધુ ગરમ

ગાંધીનગર તા ૩

ગાંધીનગરમાં ગરમી પ્રકોપ વધતા નગરજનો દિવસ દરમિયાન અંગ દઝાડતી ગરમીનો અહેસાસ કરી રહ્યા છે. આજે ગરમીનો પારો ૪૨ ડીગ્રીએ પહોંચી જતા અત્યાર સુધીની સિઝનની રેકર્ડ બ્રેક ગરમી નોંધાઇ હતી. સવારથી જ આકરો તાપ અનુભવાયો હતો જયારે રજાના દિવસે ગરમી પણ વિકરાળ બનતા શહેરના માર્ગો પર દિવસ દરમિયાન સન્નાટો જોવા મળ્યો હતો. સમગ્ર રાજ્યમાં અમદાવાદ બાદ ગાંધીનગર આજે રાજ્યનુ બીજા નંબરનુ ગરમ શહેર રહ્યુ હતુ. આકરી ગરમીથી બચવા માટે સેકટરવાસીઓ પણ ઘરમાં એ સી ઓન કરીને પુરાયેલા રહ્યા હતા. હજુ આગામી દિવસોમાં ગરમીનો પારો ઉંચકાય તેવી પણ સંભાવના છે.

ગાંધીનગરમાં ગરમીની મોસમ નિખરી છે. દિવસ દરમિયાન આકાશમાંથી અંગારા વરસતા નગરજનો અંગ દઝાડતી ગરમીનો અહેસાસ કરી રહ્યા છે. આજે પણ દિવસ દરમિયાન આકરો તાપ નગરજનો માટે અસહ્ય બન્યો હતો. આજે ગરમીનો પાારો ૪૨ ડીગ્રીએ પહોંચી ગયો હતો. અત્યાર સુધીની સિઝનની રેકર્ડ બ્રેક ગરમી નોંધાઇ હતી. ગઇકાલની સાપેક્ષમાં ગરમીનો પારો ૧.૨ ડીગ્રી ઉંચકાયો હતો. છેલ્લા ઘણાં દિવસોથી મહત્તમ તાપમાન ૪૦ ડીગ્રી ઉપર જ જોવા મળી રહ્યુ છે. જેના લીધે શહેરીજનો આકરી ગરમી વેઠી રહ્યા છે. જયારે દિનપ્રતિદિન ગરમીનુ પ્રમાણ વધી રહ્યુ છે. જેના લીધે દિવસ દરમિયાન ઘરની બહાર નિકળવાનુ મુશ્કેલ બની રહ્યુ છે. આજે રજાના દિવસે ગરમીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા શહેરમાં દિવસ દરમિયાન સન્નાટો જોવા મળ્યો હતો. રવિવારની રજા હોવાથી સરકારી કચેરીઓમાં બંધ હતી જયારે બીજીતરફ ગરમીના પ્રકોપથી સેકટરવાસીઓએ પણ ઘરની બહાર જવાનુ ટાળ્યુ હતુ સવારથી જ ગરમી આકરી હોવાનો પરચો મળતા નગરજનો દિવસ દરમિયાન એ સી ઓન કરી ઘરમાં રહ્યા હતા. જયારે બપોરના સમયે હીટવેવની પ્રબળ અસર વર્તાઈ હતી. આકરા તાપના લીધે નગરનુ જનજીવન વિશેષ પ્રભાવિત જોવા મળ્યુ હતુ. શહેરના શોપિંગ બજારમાં પણ બપોરના સમયે સંપુર્ણ સન્નાટા જેવુ વાતાવરણ રહ્યુ હતુ. શોપિંગ બજારમાં સુનકાર વ્યાપ્યો હતો. જયારે મોડી સાંજે ગરમીનો પ્રકોપ ઘટયા બાદ શહેરના જનજીવનમાં વિશેષ ચહલ પહલ જોવા મળી હતી. જયારે મોડી રાત્રે નગરમાં ઉનાળુ રાત્રિની રોનક નિખરી હતી. બરફ ગોલાની લારીઓ તેમજ આઇસ્ક્રીમ પાર્લરો પર ઠંડા થવા માટે નગરજનોની ભીડ જામી હતી. ચૈત્ર મહીનાના પ્રારંભે ગરમી પ્રકોપ અસહ્ય બન્યો છે. દિવસ દરમિયાન આકાશમાંથી અંગારા વરસતા શહેરીજનો ગરમીથી બચવા માટે અનેક નુસ્ખા અજમાવી રહ્યા છે.

છેલ્લા ઘણાં દિવસથી ગરમીનો પારો ૪૦ થી ૪૧ ડીગ્રી વચ્ચે રહેતો હતો. જયારે આજે અચાનક જ મહત્તમ તાપમાન ૧.૨ ડીગ્રી ઉપર આવતા અત્યાર સુધીની સિઝનની રેકર્ડ બ્રેક ગરમીથી સેકટરવાસીઓ સુન્ન પડી ગયા હતા. આકરી ગરમીમાં અબોલ પશુપક્ષીઓની હાલત પણ દયાજનક બની રહી છે. ત્યારે અબોલ જીવ માટે સેકટરવાસીઓએ ઠેર ઠેર પક્ષી પરબ પણ મુક્યા છે. જયારે ઉઘાડ પગાને પણ પગરખાનુ વિતરણ કરવામાં આવી રહ્યુ છે. ખુલ્લામાં રહેતા શ્રમિકો પણ ગરમીથી દયાજનક સ્થિતિમાં મુકાઇ ગયા છે. ગરમી પ્રકોપ વધતા નગરના તબીબોએ શહેરીજનોને કામ સિવાય ઘરની બહાર ન નિકળવા માટે અપીલ કરી છે. જયારે દિવસ દરમિયાન વધુ પાણી પીવા માટે પણ સુચવ્યુ છે. જેથી ડીહાઇડ્રેશન જેવી તકલીફ ન થાય તે માટે પણ સતત પાણી પીતા રહેવા માટે જણાંવાયુ છે.

સમગ્ર ગુજરાતમાં આજે અમદાવાદ સૌથી ગરમ શહેર તરીકે ઉભરી આવ્યુ હતુ જયારે ગાંધીનગર બીજા ક્રમે રહ્યુ હતુ. દેશમાં છેલ્લી એક સદીમાં માર્ચ મહીનામાં સૌથી વધુ ગરમી નોંધાઇ હોવાનુ પણ સ્પષ્ટ થયુ છે. જયારે આગામી દિવસોમાં હજુ પણ ગરમી ઉગ્ર બનશે ત્યારે ગરમીની આડઅસરથી બચવા માટે શહેરીજનોએ વધુ સાવધ રહેવુ પડશે.

દારૂબંધી ભલે હોય પણ આપણે ત્યાં જ દારૂનું ઉત્પાદન થાય છે અને એટલી જ છૂટથી પીવાય છે. ખાસ કરીને દેશી દારૂ ગાળવાની ભઠ્ઠીઓ શહેરના જ કેટલાક કુખ્યાત વિસ્તારોમાં ફરો તો જોવા મળી જાય છે. હમાની લેવડદેવડથી દારૂની બદી દિનપ્રતિદિન વધતી રહી છે. સેક્ટર-૨૩ પેટ્રોલપંપની પાછળના વિસ્તારમાં દેશી દારૂની ખાલી થેલીઓ જોવા મળી રહી છે જે દર્શાવે છે કે ગાંધીનગર અને ગાંધીનગરની આસપાસ દેશી દારૂના અડ્ડા ધમધમી રહ્યા છે.

પત્રિકામાં નામ ન છપાતા દહેગામ પાલિકાના પદાધિકારીએ ચાલુ કાર્યક્રમમાં હોબાળો કર્યો

ગાંધીનગર, તા. ૩

દહેગામ ભાજપમાં સંગઠ્ઠનના ઉપપ્રમુખોની લાફાવાળીનો વિવાદ હજુ શમ્યો નથી ત્યાં આજે દહેગામ નગરપાલીકા દ્વારા રૂ. ૫.૩૧ કરોડના કામોના લોકાર્પણ સમારોહ અને ખાતવિધિના યોજાયેલા કાર્યક્રમ દરમ્યાન ન.પા.ની બાંધકામ સમિતિના ચેરમેન અને તેમના પતિ દ્વારા ચાલુ કાર્યક્રમમાં પત્રિકામાં તેમનુ નામ ન છપાતાં હંગામો મચાવતા સાંસદ અને ધારાસભ્ય સહિતના આગેવાનો અવાક થઈ ગયા હતા.

દહેગામ નગરપાલીકામાં ભાજપનું શાસન છે ત્યારે શિસ્ત અને અનુશાસનમાં માનનારી પાર્ટીના કાર્યકરો દ્વારા જાહેરમાં આ રીતે હંગામો કરતાં પક્ષની છબી ખરડાય તેવુ વાતાવરણ ઉભુ થયુ છે.

નગરપાલિકામાં ચાલી રહેલા એક હથ્થુ શાસન સામે અગાઉ પણ સભ્યોએ વિરોધ કર્યો હતો ત્યારે ડેમેજ કંટ્રોલ કરવામાં જિલ્લાની નેતાગીરી સફળ રહી હતી પરંતુ હવે સંગઠ્ઠન અને ચૂંટાયેલી પાંખમાં જ જે રીતે મતભેદો બહાર આવી રહ્યા છે તેને લઈ નેતાગીરીએ પણ કડક નિર્ણયો લેવા પડશે તેમ પક્ષના કાર્યકરો જ કહી રહ્યા છે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ટચૂકડી જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ફોન - ૨૩૨૩૭૫૭૧

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com